# વાંઝા જ્ઞાતિનો કાજળોત્સવ

કાજળાનો તહેવાર શ્રાવણ વદ ચોથના રોજ સમસ્ત દીવ વિસ્તારનાં લોકો અને એમાંય વિશેષતઃ વાંઝા જ્ઞાતિના લોકો ખૂબ જ શ્રદ્ધા, ભક્તિ અને આદરપૂર્વક ઉજવે છે. એની પાછળ લોકવાયકા એવી છે કે આ તિથિએ સંત કબીરજીનું નિધન થયેલું અને એમની સમાધિની સ્મૃતિરૂપે ફૂલની સમાધિ બનાવવામાં આવે છે જેને કાજળો કહે છે. એ સમાધિને નાગરવેલનાં પાનથી પાલખીરૂપે સુશોભિત કરવાંમાં આવે છે અને એમાં વચ્ચે પૂજાયેલું નાળિયેર રાખવામાં આવે છે.



આ તસવીરમાં જ્ઞાતિબંધુઓ કબીર ભગતની સમાધિની સ્મૃતિરૂપે વાંસ અને નાગરવેલના પાનથી પાલખીરૂપી કાજળો બનાવવા માટેની તૈયારી કરતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં કબીર ભગતની સમાધિની સ્મૃતિરૂપે વાંસથી બનાવેલ કાજળાને નાગરવેલના પાનથી સુશોભિત કરેલ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

ત્યારબાદ જ્ઞાતિના પાંચ વ્યક્તિઓ દ્વારા સાંજે છ વાગ્યે ભક્તિભાવપૂર્વક પાલખીને ખભે ઉપાડી દીવની ગલીઓમાં તેનું ભજન કીર્તન, ઓચ્છવ અને વાજાંના ગુંજન સાથે સરઘસ કાઢવામાં આવે છે અને હજારો લોકો તેના દર્શન કરે છે.




આ તસવીરમાં જ્ઞાતિના પાંચ વ્યક્તિઓ કાજળાના ઉદ્ભવ સ્થાનેથી કાજળાને ભક્તિભાવપૂર્વક ખભે ઉપાડી તે જ સ્થાને સાત ફેરા ફેરવી, નગરયાત્રા કરાવતા દૂધફૂલ ઝાંપા પાસે લઈ જવા માટે નિકળતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં જ્ઞાતિના પાંચ વ્યક્તિઓ કાજળાને ભક્તિભાવપૂર્વક ખભે ઉપાડી દીવની ગલીઓમાં ભજન કીર્તન, ઓચ્છવ, વાજાંના ગુંજન અને સરઘસ સાથે દૂધફૂલ ઝાંપા પાસે લઈ જતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં જ્ઞાતિના પાંચ વ્યક્તિઓ કાજળાને ભક્તિભાવપૂર્વક ખભે ઉપાડી દીવની ગલીઓમાં ભજન કીર્તન, ઓચ્છવ, વાજાંના ગુંજન અને સરઘસ સાથે દૂધફૂલ ઝાંપા પાસે લઈ જતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં મહિલાઓ અને કન્યાઓ પોતાના હાથમાં મુઠ્ઠી ચોખા લઈ કબીર ભગતના કાજળાને વધાવવા માટે આતુરતાપૂર્વક રાહ જોતી જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.




આ તસવીરમાં દીવના અસંખ્ય નગરજનોની મોટી મેદની દૂધફૂલના ઝાંપા પાસે કાજળાના પહોંચવાની આતુરતાપૂર્વક રાહ જોતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

આ સરધસ દીવનાં દૂધફૂલ ઝાંપા પાસે સાંજે સાત વાગ્યે પહોંચે છે. ત્યાં શીતળા માતાનાં કૂવા પાસે સાત ફેરા ફેરવ્યા બાદ પાલખીને હજારો લોકોની વચ્ચે લુટાવવામાં આવે છે. આ પ્રસંગે સમાધિનાં સ્મૃતિચિહ્ન રૂપે મુખ્યત્વે તે નાળિયેર, ફૂલ અને પાનરૂપી પ્રસાદી મેળવવા પડાપડી થાય છે અને એમ કહેવાય છે કે 'કાજળો લૂટાયો'. આ પ્રસાદીના પ્રભાવથી ધન, ધાન્ય, સુખ-સમૃદ્ધિ અને સંતાન સુખની પ્રાપ્તિ થાય છે એવી લોકવાયકા છે.



આ તસવીરમાં આપણી જ્ઞાતિના સભ્યો કાજળા લુટાવવાના અંતિમ પડાવ પર કાજળા સાથે ઊભેલાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.




આ તસવીરમાં શીતળા માતાનાં કૂવા પાસે સાત ફેરા ફેરવ્યા બાદ જ્ઞાતિબંધુઓ કાજળાને હજારો લોકોની વચ્ચે લુટાવવાની તૈયારી કરતા જોવામાં આવે છે, છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં શીતળા માતાનાં કૂવા પાસે સાત ફેરા ફેરવ્યા બાદ કાજળાને હજારો લોકોની વચ્ચે લુટાવવામાં આવે છે, એ જોવામાં આવે છે.

## કાજળામાં વપરાતાં નાળિયેરનો શણગાર

કાજળાના ઉત્સવમાં વપરાતું નાળિયેર શ્રાવણ વદ ત્રીજના દિવસે કાપડી બંધુઓ દ્વારા શણગારવામાં આવે છે. આ નાળિયેર શ્રીમાન અનંતકુમાર અમરચંદને ત્યાંથી તેમના ખેતરેથી મેળવવામાં આવે છે. ઘણા વર્ષોથી આ નાળિયેરનો શણગાર શ્રીમાન વિષ્ણુદાસ વજેચંદના નિવાસ સ્થાને કરવામાં આવે છે. તે નાળિયેર પર કાજળથી બે આંખો દોરવામાં આવે છે તેમજ તેની પૂંછ પર નાડું વીંટવામાં આવે છે.

ત્યારબાદ એક છાબની વચ્ચે ઈંઢોણી મૂકવામાં આવે છે, જેના પર પાન મૂકવામાં આવે છે, પાન પર આ શણગારેલું નાળિયેર મૂકવામાં આવે છે અને તેની ફરતે અગિયાર દિવસ અગાઉ ઉગાડેલા જવારાના પાંચ કુંડલા મૂકવામાં આવે છે.



આ તસવીરમાં ઉપર આપેલ માહિતી પ્રમાણે છાબમાં ઈંઢોણી અને પાન પર એક શણગારેલું નાળિયેર અગિયાર દિવસ અગાઉ ઉગાડેલા જવારાના પાંચ કુંડલાની વચ્ચે મૂકેલું જોવા મળે છે. સાથે સાથે આ તસવીરમાં ડાબીથી જમણી બાજુ જોતાં શ્રીમતી જયશ્રી ચંપકલાલ, શ્રીમતી પ્રફુલતા પુષ્પસેન અને શ્રીમાન વિષ્ણુદાસ વજેચંદ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સમીર પુષ્પસેન.



નજીકથી લીધેલી આ તસવીરમાં ઉપર આપેલ માહિતી પ્રમાણે છાબમાં ઈંઢોણી અને પાન પર એક શણગારેલું નાળિયેર જવારાના પાંચ કુંડલાની વચ્ચે મૂકેલું જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સમીર પુષ્પસેન.



નજીકથી લીધેલી આ તસવીરમાં ઉપર આપેલ માહિતી પ્રમાણે છાબમાં ઈંઢોણી અને પાન પર એક શણગારેલું નાળિયેર જવારાના પાંચ કુંડલાની વચ્ચે મૂકેલું જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન નવીનચંદ્ર દામોદર.

# તોતળાદેવી માતાના ચોકમાં ડાંડિયાની રમઝટ

સાંજે જ્ઞાતિબંધુઓ તોતળાદેવી માતાના ચોકમાં ડાંડિયા રમવા જાય છે. ડાંડિયા માટે તૈયાર થયેલા નર્તકોનો ઉમંગ જોવા લાયક હોય છે. ડાંડિયા અને સંગીતના તાલે મગ્ન થઈને નર્તકો આ ઝગમગતી સાંજને રમણીય બનાવે છે.



આ તસવીરમાં જ્ઞાતિબંધુઓ તોતળાદેવી માતાના મંદિરના ચોકમાં ડાંડિયા રમતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન હસમુખરાય અમરચંદ.

## કાજળામાં વપરાતાં નાળિયેરનું પૂજન

અમુક વર્ષો અગાઉ કાજળામાં વપરાતાં આ નાળિયેરનું પૂજન જ્ઞાતિના પટેલના નિવાસ સ્થાને રાત્રિના ભાગે કરવામાં આવતું, જે હાલમાં કુંભારવાડા સ્થિત હિંગળાજ માતાના મંદિરમાં કરવામાં આવે છે.

સૌ પ્રથમ જમીન પર માટીનો એક ચોકો કરવામાં આવે છે. આ માટીના ચોકા પર ચોખાનો એક સાથિયો દોરવામાં આવે છે. તેના પર પાન, સોપારી અને સવા રૂપિયો મૂકવામાં આવે છે. અબીલ, ગુલાલ અને કંકુના છાંટા નાખી ફૂલ ચડાવવામાં આવે છે. ત્યારબાદ તેના ઉપર લાકડાનો એક સ્વચ્છ બાજોઠ મૂકવામાં આવે છે. બાજોઠ પર એક લીલો કટકો પાથરીને તેના ઉપર પહેલાં વચ્ચે અને પછી ચાર ખૂણે ચોખાની ઢગલી મૂકવામાં આવે છે. આ ચારેય ખૂણા ચોખાની ધાર કરી જોડવામાં આવે છે અને દરેક ખૂણે ચોખા વડે ત્રિશૂલની ભાત બનાવવામાં આવે છે. ચારેય બાજુની ધારે ચોખાની ત્રણ ત્રણ ઢગલીઓ મૂકવામાં આવે છે અને બાજોઠની બન્ને બાજુ ઘીનો દીવો પ્રગટાવવામાં આવે છે. બાજોઠની વચ્ચે પાન, સવા રૂપિયો અને સોપારી મૂકવામાં આવે છે. અબીલ, ગુલાલ અને કંકુના છાંટા નાખી ફૂલ ચડાવવામાં આવે છે. બાજોઠ પર વચ્ચે શણગારેલા નાળિયેરને જવારાના પાંચ કુંડલા સહિત વૈષ્ણવ ધૂનના ગુંજન સાથે સ્થાન આપવામાં આવે છે અને તેને પાન વડે ઢાંકી દેવામાં આવે છે. ચારેય ખૂણે અને ત્રિશૂલની ભાત પર પાન મૂકી, તેના પર સોપારી મૂકવામાં આવે છે અને ફૂલોની પાતરી ચડાવી બાજોઠની જમણી બાજુ મૂકેલી દીવીની આસપાસ મૂકી દેવામાં આવે છે. પાતરીમાંથી થોડા ફૂલો જુદા કરી વાજિંત્રો વગાડવા વાળાઓને આપવામાં આવે છે અને અહીંથી વૈષ્ણવ ઓચ્છવ ચાલુ થાય છે.

ત્યાર પછી જમીન પર થોડા ચોખા મૂકવામાં આવે છે અને તેના ઉપર એક કળશની અંદર સવા રૂપિયો, સોપારી તેમજ ચોખા પધરાવવામાં આવે છે. આમ કરતાં ચોખા પાણીમાં તરતા જોવા મળે છે. કળશને ગળે ગેહૂઆં સૂતર બાંધવામાં આવે છે અને તેની ચારેય બાજુ કંકુના ચાંદલા કરી તેના પર ફૂલ મૂકવામાં આવે છે. ત્યારબાદ આરતી કરવામાં આવે છે.



આ તસવીરમાં શણગારેલા નાળિયેરને પૂજનવિધિ માટે લાવવામાં આવ્યું છે, એ જોવામાં આવે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં શણગારેલા નાળિયેરની પૂજનવિધિ માટે તેને ચોખાથી શણગારેલ બાજોઠ પર સ્થાન આપી તેની ફરતે પાંચ જવારાના કુંડલા મૂકાતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં બાજોઠ પર નાળિયેર અને તેની ફરતે પાંચ જવારાના કુંડલા મૂકેલ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં શણગારેલા નાળિયેરની પૂજનવિધિ માટે તેને બાજોઠ પર સ્થાન આપ્યા બાદ પાન વડે ઢાંકી દેવાતું જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં જ્ઞાતિબંધુઓ કબીર ભગતના સ્થાપનની આરતી કરતાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં ભજનિકબંધુઓ વૈષ્ણવ ઓચ્છવ કરતાં જોવામાં આવે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં કાજળામાં વપરાતાં નાળિયેરનો શણગાર અને તેની પૂજનવિધિ થયેલ જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન નવીનચંદ્ર દામોદર.

આ પવિત્ર પ્રસંગની તૈયારી કરતાં જ્ઞાતિબંધુઓને ચાનાસ્તો આપવામાં આવે છે, જે સાથે દહીંની ભરેલી વાટકી અને દાળિયા પ્રસાદી તરીકે આપવામાં આવે છે. જ્ઞાતિબંધુઓ પોતાની ભક્તિ કબીર ભગતને સમર્પિત કરી એ રાત્રે જાગરણ કરતાં કાજળા માટે પાનનાં તોરણ બનાવવા અર્થે પવિત્ર દોરા સ્વહસ્તે તૈયાર કરે છે.

## ઉદ્યાપન

બાજોઠ પર પૂજા વિધિમાં વપરાયેલ ચોખા, સોપારી, પાન, નાળિયેર, ફૂલ વગેરેનું ઉદ્યાપન કરવામાં આવે છે. ત્યારબાદ એક શીશીમાંના થોડા દારૂને જવળવામાં આવે છે અને તેને દારૂની એ જ શીશીમાં મિશ્રિત કરી દેવામાં આવે છે. બીજે દિવસે કાપડીબંધુઓ ફરીથી ભેગા થઈ દારૂને પુન: જવળે છે અને તેનું પ્રસાદી તરીકે સેવન કરી સાંજે છ વાગ્યે કાજળો ઉપાડવા જાય છે.



આ તસવીરમાં શ્રીમાન નવીનચંદ્ર દામોદર પોતાના નિવાસ સ્થાને દારૂને જવળવાની વિધિ કરતા જોવામાં આવે છે. છબી સૌજન્ય શ્રીમાન નવીનચંદ્ર દામોદર.



આ તસવીરમાં કાપડીબંધુઓ તેમજ જ્ઞાતિબંધુઓ જવળેલા દારૂનો પ્રસાદી તરીકે સેવન કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન નવીનચંદ્ર દામોદર.

કાજળો લૂટાયાં બાદ કાપડીબંધુઓ શેષ પાન અને નાડું પોતાના ઘરે લાવે છે. એક પાટલા પર ધૂપ-દીપ કરી પાન અને નાડાંને ધૂપની સુગંધી ધુમાડી આપવામાં આવે છે. ત્યારબાદ થોડા દારૂને જવળે છે અને તેનું સેવન પ્રસાદી તરીકે કરી આ તહેવારની પૂર્ણાહુતિ કરે છે.



કાજળો લૂટાયાં બાદ કાપડીબંધુઓ શેષ પાન અને નાડું પોતાના ઘરે લાવે છે. આ પાન અને નાડાંને ધૂપની સુગંધી ધુમાડી આપવામાં આવે છે, તે આ તસવીરમાં જોવા મળે છે. ત્યારબાદ થોડા દારૂને જવળે છે અને તેનું સેવન પ્રસાદી તરીકે કરી આ તહેવારની પૂર્ણાહુતિ કરે છે. છબી સૌજન્ય શ્રીમાન નવીનચંદ્ર દામોદર.

ભજનિકો ભજનની શરૂઆત કરતાં પહેલાં થોડી સાખીઓ ગાય છે. તે દ્વારા તેઓ શ્રોતાજનોને ભજન સાંભળવા માટે તૈયાર કરે છે. આ આલબેલ (ઘંટડી) વગાડી તેઓ શ્રોતાઓના મનને ઢંઢોળીને જાગૃત કરે છે. હોંશિયાર, ખબરદાર, સંતોની સવારી આવી રહી છે. તમે જાગૃત મને સાંભળશો તો લાભ થશે. નહિતર મારી મહેનત અને તમારો સમય બરબાદ જશે.

સાખીની બે પંક્તિમાં અખૂટ બોધ ભર્યા હોય છે. સાખી અથવા દુહાને શબ્દના બાણ કહી શકાય છે. જો વાગી જાય, અંતરમાં ઊતરી જાય તો જીવનનો પલટો કરી નાખે છે. ઘણીવાર જે કામ મોટા મોટા શાસ્ત્રના ગ્રંથો કરી શકતા નથી તે કામ આ બે પંક્તિનો દુહો કરી જાય છે.

સાખી એ ચિંતનાત્મક કાવ્યકંડિકાઓ છે. આ સાખીમાં બે ચરણમાં, એક પંક્તિમાં પરમાત્માને સાક્ષીભાવે રાખી ઉપદેશાત્મક ચિંતન રજૂ થાય છે. સાખી ભજનમાં આરંભે અને વચ્ચે પણ ગવાય છે.

રાગ ગોડી એ માલકૌંષ રાગની એક રાગણી છે. તેમાં વીર અને શૃંગારસ હોય છે. તેમાં રિખભ ઘૈવત કોમળ અને મધ્યમ તીવ્ર હોય છે. ચાર વાગ્યા પછી ગોડી ગાય શકાય છે. આ ગોડીને પૂર્વી ગોડી પણ કહે છે. આપણે ત્યાં પૂર્વી ગોડી બહુ પ્રચલિત નથી. આગલી પેઢીને ગોડી હજી કંઠસ્થ છે. સૂર્યાસ્ત પછી રાત્રિની જમાવટ થાય ત્યાં સુધી ગોડી ગાઇ શકાય છે. આપણે ત્યાં આરતી કરતાં પહેલા ગોડી ગાવાનો રિવાજ છે.

શ્રી કબીર ભગતની સ્થાપના વખતે ગવાતી સાખી

શ્રી કબીરની સાખી - રાગ ગોડી

*કબીરા કબીરા કાહા કહે // આપે હોત શરીર //*

*પાંચે ઇંદ્રિયો વશ કરી // તે આપે દાસ કબીર //૧//*

*કબીરે સાખી મોકલી // સબ સંતન કરો બિચાર //*

*નામ જપત ગોપાલકો // તે કબીરા હરિકો દાસ //૨//*

*થાપન કીયો કબીરકો // સબ સંતન દેત આશિષ //*

*બડો ભાગ કબીરકો // તે બોલત જે જે કાર //૩//*

વૈષ્ણવ ભજનો ભગવાન શ્રીકૃષ્ણ અને તેમના ભક્તોની સ્તુતિ માટે રચાયેલા છે. આ ભજનો આપણને કૃષ્ણ લીલાની સૌથી ઉચ્ચત્તમ ભક્તિમય સ્નેહની ઝાંખી કરાવે છે. શ્રી ઠાકોરજીની સાધનામાં તલ્લીન થવા કીર્તન કરાય છે.

*રાગ ઢાળ*

*સાહેલી શ્રીજીને નીરખીએ, સાહેલી શ્રીજીને નીરખીએ*

*આપણે જાશું રે શ્રી ગોકુળ ગામ*

*ઢાળ*

*સખી કનક થાળ કરમાં ધઈરાં (૨)*

*મહીં ભરીયાં રે મુક્તાફળ ચાર*

*સખી જુવંતીના જૂથ ટોળે મઈળાં (૨)*

*કાંઈ સજીયાં રે સોળે શણગાર*

*સખી વેગે ચાલોને ઉતાવળાં (૨)*

*જઈ નીરખીએ રે અનોપમ નાથ*

*મારું મન રે મથુરાં ચિત્ત દ્વારકાં (૨)*

*મારો જીવડો રે રહ્યો શિવજીની પાસ*

*સખી ચરણકમળ ચિત્ત ગ્રહી રહું (૨)*

*વ્હાલો આપે રે અભેપદ દાન*

*સખી મથુરાંમાં વાજિંત્ર વાગીયાં (૨)*

*ગોકુળમાં રે ગડગડીયાં નિશાન*

*સખી વલ્લભ કુળને વારણે (૨)*

*બલિહારી રે જાઈ માધવદાસ.*

---

*સખી મંગલ રૂપે મહારાજ,*

*મારે મન વસિયા રે,*

*ઘેર આવો છબીલા નાથ,*

*રંગના રસિયા રે.*

*સખી બુધે તે સુધ ને બુધ,*

*સર્વે ભૂલી રે,*

*ભૂલી ભૂલી તે ઘરનાં કામ,*

*સર્વે ભૂલી રે.*

*સખી ભ્રેસપતે (બ્રેહસ્પતે) ભ્રમાય,*

ભવની ભાગી રે,

શ્રી વલ્લભ કુળને હાથ,

તાલી લાગી રે.

સખી શુકરવારે મહાસુખ,

ઘણેરું સોહે રે,

શ્રી વલ્લભ કુળના ચરણ,

કમળમાં રહીએ રે.

સખી શનિવારે માં ધરતી,

સ્વામીને નીરખ્યા રે,

મ્હારો વ્હાલોજી ગિરિધરલાલ,

બ્રજમાં હરખ્યા રે.

સખી આદિ તે આનંદ,

સહિયરુને કંહું છું રે,

મ્હારો વ્હાલોજી ગિરિધરલાલ,

બ્રજમાં રહું છું રે.

સખી સોમે તે શોળે શણગાર,

સજીયા અંગે રે,

મ્હારો વ્હાલોજી ગિરિધરલાલ,

રમવા સંગે રે.

---

રાગ ઢાળિયાં

*વારો જસોદા માવડી,*

*કુંવરને વારો જસોદા માવડી*

*વનરાવનની કુંજગલીમાં,*

*હાથે લખોટી પાયે પાવડી.*

*મહિયારાં કેરાં મહી લૂંટે છે,*

*આડ કરતાં આવડી.*

*વલ્લભના સ્વામી ને રસિક શિરોમણિ,*

*ઊપજ નિપજ આવડી.*

*વારો જસોદા માવડી,*

*કુંવરને વારો જસોદા માવડી.*

---

*રાગ ઢાળ*

*આજનો લ્હાવો લીજીયે રે*

*કાલ કોણે દીઠો છે સખી ?*

*હાં હાં સોનાનાં સોગઠાંને રેશમની ચોપટ*

*રૂપલાનાં પાસાં ઘડાવીયે રે*

*કાલ કોણે દીઠો છે ?*

*હાં હાં ફૂલની ગાદી ને ફૂલનાં તકિયા*

*ફૂલનાં બીછાનાં બીછાવીયે રે*

*કાલ કોણે દીઠો છે ?*

*હાં હાં સોનાનું પારણું ને હીરની દોરી*

*હરખે શ્રીનાથજી ઝુલાવીયે રે*

*કાલ કોણે દીઠો છે ?*

*હાં હાં વાણીનાં મેહુલા ને આનંદની હેલી*

*સુખથી સરોવડીયે ભીંજાવીયે રે*

*કાલ કોણે દીઠો છે ?*

*હાં હાં વલ્લભના સ્વામી ને રસિક શિરોમણી*

*શ્રીનાથજીનું મુખડું નીહાળીયે રે*

*કાલ કોણે દીઠો છે ?*

---

*કાલે પરણાવીશું ગોપી,*

*કુંવરને કાલે પરણાવશું ગોપી.*

*કાલે મારો કહાનજી વરઘોડે ચડશે,*

*મસ્તક ફૂલડાંની ટોપી.*
*કુંવરને..........*

*જ્યારે રાધિકા મંદિરે પધારશે,*

*મંદિરીયું રહેશે ઓપી.*
*કુંવરને..........*

*વલ્લભના સ્વામી ને રસિક શિરોમણિ,*

*તન મન સરવે સોંપી.*
*કુંવરને..........*

---

*મન માને તીયાં જાવ છો,*

*જી તમારું મન માને તીયાં જાવ છો.*

*જમુનાજી સરખાં તીરથ મેલીને,*

*કૂવા હવેડે શીદ ન્હાવ છો ?*

*જી તમારૂં..........*

*ઘરના ભોજન ભાવતાં રે નથી,*

*બહાર બંટી શીદ ખાવ છો ?*

*જી તમારૂં..........*

*રાધાજી સરખાં રસિલાં મેલીને,*

*કુબજા શું લલચાવ છો ?*

*જી તમારૂં..........*

*વલ્લભના સ્વામી ને રસિક શિરોમણિ,*

*વણમૂલે વેંચાવ છો !*

*જી તમારૂં..........*

---

*આજનો લ્હાવો લીજીયે રે*

*કાલ કોણે દીઠો છે સખી ?*

*હાં હાં સોનાનાં સોગઠાંને રેશમની ચોપટ*

*રૂપલાનાં પાસાં ઘડાવીયે રે*

*કાલ કોણે દીઠો છે?*

*હાં હાં ફૂલની ગાદી ને ફૂલનાં તકિયા*

*ફૂલનાં બીછાનાં બીછાવીયે રે*

*કાલ કોણે દીઠો છે?*

*હાં હાં સોનાનું પારણું ને હીરની દોરી*

*હરખે શ્રીનાથજી ઝુલાવીયે રે*

*કાલ કોણે દીઠો છે?*

*હાં હાં વાણીનાં મેહુલા ને આનંદની હેલી*

*સુખથી સરોવડીયે ભીંજાવીયે રે*

*કાલ કોણે દીઠો છે?*

*હાં હાં વલ્લભના સ્વામી ને રસિક શિરોમણી*

*શ્રીનાથજીનું મુખડું નીહાળીયે રે*

*કાલ કોણે દીઠો છે?*

**દીપક કનકસિંહ**

**સંકલનકર્તા**

આ લેખના ગુજરાતી અનુવાદ અને સંપાદન કાર્ય માટે મને નિરંતર સહાય કરવા બદલ હું શ્રીમાન પ્રદીપ વસંતલાલ પ્રતી મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

કાજળામાં વપરાતાં નાળિયેરનો શણગાર અને તેની પૂજનવિધિની સંપૂર્ણ માહિતી સ્વર્ગસ્થ પૂજ્ય કાપડી દામોદર જેઠા અને ગં સ્વ. રમણગૌરી હરિદાસના સુપુત્ર શ્રીમાન નવીનચંદ્ર દામોદરે પૂરી પાડેલ છે, જેમનો હું ઘણો આભારી છું.

આ લેખમાં મૂકવામાં આવેલ તસવીરો પૂરી પાડવા માટે હું શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમાન નવીનચંદ્ર દામોદર, શ્રીમાન હસમુખરાય અમરચંદ અને શ્રીમાન સમીર પુષ્પસેનનો ખાસ આભારી છું.

આ લેખમાં મૂકવામાં આવેલ કબીર ભગતની સાખી ઉપલબ્ધ કરવા માટે હું શ્રીમાન વિજય કુમળદાસનો આભારી છું, જેમને જૂના દસ્તાવેજોમાંથી આ સાખી આપણી માટે મેળવી આપેલ છે.

આ લેખમાં મૂકવામાં આવેલ વૈષ્ણવ ભજનો મેળવી આપવા માટે હું શ્રીમાન વસંત હરિદાસ તેમજ શ્રીમાન હસમુખરાય અમરચંદનો ખૂભ ખૂભ આભારી છું.

આ લેખમાં મૂકવામાં આવેલ ચલચિત્ર ઉપલબ્ધ કરવા માટે હું મારા ભાઈ શ્રીમાન રાજેન્દ્ર મનહરલાલનો ખૂબ ખૂબ આભારી છું.